| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૮/૦૩/૨૦૧૩ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૮/૦૩/૨૦૧૩ |
| ફેંસલ તારીખ | ૧૨/૦૫/૨૦૨૬ |
| સમયગાળો | <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u> |

**– નમુનો – અ–**

**મે.લાલપુરના એડિશનલ ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ**

**ચુકાદાની તા. ૧૨/૦૫/૨૦૨૬**
**ફોજદારી કેસ નં. ૮૨/૨૦૧૩**

**આંક–..........**

| ગુન્હાની વિગત | |
|---|---|
| **ગુન્હાની કલમ** | આઇ.પી.સી. ની કલમ–૪૦૭, ૧૨૦ બી |
| **પ્રથમ માહીતી અહેવાલ નંબર** | ગુ.ર.નં. ૬૭/૨૦૧૧ |
| **પોલીસ સ્ટેશન** | મેઘપર પડાણા પો.સ્ટે. |
| **ફરીયાદી પક્ષ** | સરકારશ્રી |
| **ફરીયાદપક્ષ તરફે વિ.વ. શ્રી** | વિ. એપીપીશ્રી એન.પી.જાની |
| **આરોપી પક્ષ** | **(૧) નીગમભાઈ મહેન્દ્રભાઈ ઠાકર**<br>જાતે બ્રામણ ઉવ. ૨૯<br>રહે. સુરત, મમતા એપાર્ટમેન્ટ, ફ્લેટ નં ૩૮૫, લંબે હનુમાન રોડ, વરાછા, તા. જી. સુરત<br><br>**(૨) સુભાષભાઈ હીરાલા પંચાલ**<br>જાતે સોની ઉવ. ૫૮<br>રહે. ચંપા ફળીયા, તા.હાલોલ, જી.ગોધરા<br><br>**(૩) ભરત ઉર્ફે છોટીયો ઉર્ફે બુદરારામ સગતાજી પુરોહીત** |

(નરેન્દ્ર મોહનલાલ કડોલીયા)
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
લાલપુર.
CODE NO.GJ01115

| | |
|---|---|
| | જાતે બ્રામણ ઉવ. ૩૧<br>રહે. બીચ્છાવાડી,<br>તા.સાચોર, જી.જાલોર, રાજય રાજસ્થાન<br><br>**(૪) દીવ્યરાજસિંહ ઉર્ફે લકકીરાજ નરેન્દ્રસિંહ રાઠોડ**<br>જાતે દરબાર ઉવ.૩૦ રહે. ચાપરીયા,<br>તા.જી.અલીરાજપુર, રાજય મધ્યપ્રદેશ |
| **આરોપી તરફે વિ.વકીલશ્રી** | વિ.વકીલશ્રી એચ.એચ.જાડેજા |

**– નમુનો – બ–**

| | |
|---|---|
| **ગુન્હાની તારીખ** | ૨૭/૦૮/૨૦૧૧ |
| **પ્રથમ માહીતી અહેવાલની તારીખ** | ૦૨/૦૯/૨૦૧૧ |
| **ચાર્જશીટની તારીખ** | ૨૮/૦૩/૨૦૧૩ |
| **તહોમતનામુ/પ્લી ફરમાવ્યાની તારીખ** | – |
| **પુરાવો શરૂ થયાની તારીખ** | ૨૫/૦૮/૨૦૨૫ |
| **ચુકાદો મુલ્તવી રાખ્યાની તારીખ** | – |
| **ચુકાદાની તારીખ** | ૧૨/૦૫/૨૦૨૬ |
| **સજા હુકમની તારીખ (લાગુ પડે તો )** | – |

**–:આરોપીની વિગત–**

| ક્રમ | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ/ દોષી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | નીગમભાઈ મહેન્દ્રભાઈ ઠાકર | ૨૮/૮/૧૨ | ૨૮/૮/૧૨ | આઇ.પી.સી. ની કલમ– ૪૦૭, ૧૨૦ બી | – | – | – |
| (૨) | સુભાષભાઈ હીરાલા પંચાલ | ૧૬/૯/૧૨ | ૧૬/૯/૧૨ | આઇ.પી.સી. ની કલમ– ૪૦૭, ૧૨૦ | – | – | – |

(નરેન્દ્ર મોહનલાલ કડોલીયા)
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
લાલપુર.
CODE NO.GJ01115

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | બી | | | |
| (૩) | ભરત ઉર્ફે છોટીયો ઉર્ફે બુદરારામ સગતાજી પુરોહીત | ૧૦/૧૦/૧૨ | ૧૦/૧૦/૧૨ | આઇ.પી.સી. ની કલમ– ૪૦૭, ૧૨૦ બી | – | – | – |
| (૪) | દીવ્યરાજસિંહ ઉર્ફે લકકીરાજ નરેન્દ્રસિંહ રાઠોડ | ૧૧/૧૦/૧૨ | ૧૧/૧૦/૧૨ | આઇ.પી.સી. ની કલમ– ૪૦૭, ૧૨૦ બી | – | – | – |

**– નમુનો – ક–**

**– સાહેદોનુ લીસ્ટ–**

**અ. ફરીયાદપક્ષ તરફે સાહેદો–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૪ | પંચ સાહેદ પુંજાભાઇ વરસીંગભાઇ રબારીની સોગંદ પરની જુબાની. |
| ૨ | ૨૬ | ફરીયાદી પંકજભાઇ પ્રવીણભાઇ ગઢવીની સોગંદ પરની જુબાની. |

**– દસ્તાવેજી પુરાવાનુ લીસ્ટ–**

**અ. ફરીયાદપક્ષે રજુ થયેલ દસ્તાવેજો–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૫ | સ્થાનીક જગ્યાનુ પંચનામુ |
| ૨ | ૨૭ | ફરીયાદ |

**–ઠરાવ–**

**૧. ફરીયાદપક્ષના કેસની ટુંક હકીકત**

આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, મેઘપર પડાણા પો. સ્ટે. ફર્સ્ટ ગુના રજી. નંબર ૬૭/૨૦૧૧ થી તા. ૨૭/૦૮/૨૦૧૧ ના રોજ આઇ.પી.સી. ની કલમ–૪૦૭, ૧૨૦ (બી) મુજબનો ગુનો નોંધાયેલ છે. જેમા ફરીયાદ આપનાર ફરીયાદીએ આરોપીઓ સામે એ મતલબની ફરીયાદ આપેલ છે કે, તારીખ:–૨૭/૦૮/૨૦૧૧ ના રોજ કલાક ૧૨:૦૦ થી જાહેર થયા સુધી નાસતા ફરતા આરોપી નં ૧

(નરેન્દ્ર મોહનલાલ કડોલીયા)
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
લાલપુર.
CODE NO.GJ01115

ફરીયાદીની ટ્રાન્સપોર્ટ કંપનીમા ડ્રાઇવર તરીકે નોકરી કરતો હોય અન્ય આરોપીઓ સાથે મળી ગુનાહીત કાવતરૂ રચી, આરોપી સંતોષ સીતા ચંદ્રવશી ફરીયાદીની કંપનીનુ ટેઇલર નં જીજે/૧૨/વી/૮૨૨૭ નુ ચલાવતા હોય તેઓએ રીલાયન્સ કંપનીમાથી ૧૬–ટન પી.પી. દાણા જેના ગ્રેડ નં એચ ૧૧૦ એમ એ તથા લોટ નં ઝેડ ૧૧૧૦૮૨૩ ના કીં.રૂા. ૧૦,૦૦,૦૦૦/– ના ભરી આ પી.પી. દાણા તથા ટેઇલર નં જીજે/૧૨/વી/૮૨૨૭ કીં. રૂા. ૨,૫૦,૦૦૦/– મળી કુલ રૂા. ૧૨,૫૦,૦૦૦/– નો માલસામાન તેના ભરોસે અને વિશ્વાસે મોટી ખાવડી રીલાયન્સ કંપનીથી મુદ્રા બંદરે જવા રવાના કરેલ તે નીયત સ્થળે નહીં પહોંચાડી, બારોબાર માળીયા લઈ જઈ, આરોપીઓએ કંટેઈનર તોડી તેમાથી પી.પી. દાણા કાઢી લઇ, બારોબાર સહ આરોપીઓને વેચી દઈ, વિશ્વાસઘાત કરી, ગુનો કરતા તપાસ દરમ્યાન પકડાઈ જતા જેથી આ બાબતે ફરીયાદીએ આ મતલબની ફરીયાદ દાખલ કરેલ છે.

## ૨. <u>ફરીયાદ દાખલ થયા પછી કાર્યવાહી</u>

ચાર્જશીટના આધારે આ કામના આરોપીઓને ધોરણસર સમન્સ કરતા આરોપીઓ નામદાર અદાલત સમક્ષ હાજર રહેતા તેઓને તેમની સામેના પોલીસ તપાસના કાગળોની નકલો કિ. પ્રો. કોડની કલમ–૨૦૭ પુરી પાડયાની ખાત્રી કરવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપીઓ મળી ન આવતા તેમની સામે સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ મુજબનો હુકમ તા. ૨૦.૦૩.૨૦૨૫ ના રોજ મારા પુરોગામી ન્યાયાધીશ દ્વારા કરવામાં આવેલ છે.

## ૩. <u>ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવો</u>

હાલના કામે ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનુ લીસ્ટ ઉપર જજમેન્ટ હેડીંગના ' **નમુના – ક**' માં આપવામાં

આવેલ છે. હવે આ લીસ્ટ મુજબ રજુ થયેલ ફરીયાદપક્ષના પુરાવાની ચર્ચા કરવામાં આવે તો તે નીચે મુજબ છે.

ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક-૨૪ થી પંચ સાહેદ પુંજાભાઇ વરસીંગભાઇ રબારીને** તપાસેલ છે અને આ પંચ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે," તેમને તા.૦૩/૦૯/૨૦૧૧ નું પંચનામું બતાવવામાં આવતા તેમાં પંચ નં.૨ તરીકે તેમની સહી હોવાનું તથા તે તેઓ ઓળખતા હોવાનું જણાવેલ છે. જે પંચનામું રજુ દાખલ આંક તરીકે નોંધાયેલ છે. આ સહી તેમણે શા માટે કરેલ તે તેમને યાદ નથી તેમ જણાવેલ છે. તેમના રૂબરૂમાં કોઈ કાર્યવાહી કરેલ હોય તેવું બનેલ નથી તેમ જણાવેલ છે.

સદર પંચ સાહેદ પંચનામાની હકીકતોને સમર્થન કરતાં ન હોય, ફરીયાદપક્ષે વિ.એપીપીશ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી કોર્ટની પરવાનગીથી વિગતવાર ઉલટતપાસ કરેલ છે. જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આજરોજ તેઓને આખું પંચનામું વાંચી સંભળાવેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, રિલાયન્સ કંપનીમાં પી થી દાણાના પ્લાન્ટ પાસે બનાવવાળી જગ્યા પંકજ પ્રવીણભાઈએ બતાવતા તેનું વર્ણન પંચનામામાં લખાવેલ. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આરોપીને બચાવવા ખોટી જુબાની આપે છે.

ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક-૨૬ થી ફરીયાદી પંકજભાઇ પ્રવીણભાઇ ગઢવીને** તપાસેલ છે અને આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે," તેઓ હાલ ગાંધીધામ ખાતે કિરણ રોડલાઇન્સમાં જનરલ મેનેજર તરીકે ફરજ બજાવતા હોવાનું જણાવેલ છે. તેમના મોબાઈલ નંબર ૯૮૭૯૧૦૪૫૫૨ હોવાનું જણાવેલ છે.

(નરેન્દ્ર મોહનલાલ કડોલીયા)
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
લાલપુર.
CODE NO.GJ01115

તેઓ વર્ષ ૨૦૧૧ માં કિરણ રોડલાઇન્સમાં મેનેજર હતા ત્યારે ૧૫૦ જેટલા ટ્રેઇલરો તેમની પાસે હોવાનું જણાવેલ છે. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ સાથે કોન્ટ્રાક્ટ થયેલ હોવાનું તથા જેમાંથી પી.પી. દાણા તૈયાર થઈ કંપનીમાંથી તેમની રોડલાઇન્સમાં ટ્રેઇલરો ભરી કંપની કહે તે મુજબ મુદ્રા, પીપાવાવ, કંડલા બંદર ઉપર ખાલી કરવાના હોય છે તેમ જણાવેલ છે. કંપની જયારે જયારે તેના ઉત્પાદિત કરેલ પી.પી. દાણા કોઈ પણ બંદર ઉપર મોકલવાના હોય ત્યારે તેમની ગાંધીધામ ખાતેની ઓફિસે અથવા તો કંપનીના કર્મચારી મારફતે તેમને જાણ કરતા અને તેમના ટ્રેઇલરો ખાલી પડેલ હોય તેમાં કન્ટેનર લગાડી કંપનીમાં મોકલી આપતા હોવાનું જણાવેલ છે. તેમની મુદ્રા ખાતેની ઓફિસના મેનેજર કિર્તીભાસસિંહ હોવાનું તથા તેમની કંપનીમાં મોટાભાગે કાયમી ડ્રાઇવરો હોય છે અને કોઈ ડ્રાઇવર રજા પર જાય તો નવા ડ્રાઇવરો લેતા હોય છે, જેથી બધા ડ્રાઇવરોના નામ તેમને યાદ ન હોય તેમ જણાવેલ છે. મુદ્રા ખાતે ટ્રેઇલર ચલાવવા માટે તેઓએ કોઈ ડ્રાઇવરને આપેલ હોય તેની સાથે ક્લીનર ન હતા તેમ જણાવેલ છે. ૧૧ ગાડીનો ઓર્ડર મળતા તેમણે મેનેજર કિર્તીભાસસિંહને જાણ કરતા અલગ અલગ ટ્રેઇલરો મોકલેલા જેમાં ગાડી નંબર જી.જે.૧૨–વી–૮૨૨૭ પણ હતું, જેનો ડ્રાઇવર કોણ હતો તેની તેમને ખબર ન હોવાનું જણાવેલ છે. તે ટ્રેઇલર કિંમત રૂ.૨,૫૦,૦૦૦/– લઈને ડ્રાઇવર નીકળેલો જેમાં ૧૬ ટન પી.પી. દાણા જેની કિંમત રૂ.૧૦,૦૦,૦૦૦/– તથા ૨૫ કિલોગ્રામની ૬૪૦ બેગો હતી તેમ જણાવેલ છે. આ ટ્રેઇલર સિવાય બીજા બધા ટ્રેઇલરો આવી ગયેલા પરંતુ આ ન આવતા તેઓએ ફરજ પરના વ્યક્તિ દ્વારા ડ્રાઇવરને ફોન કરેલો, જેથી ફોન બંધ આવતો હોય તેમના કર્મચારીઓએ તપાસ કરતા પ્લાસ્ટિક દાણા ભરેલ ટ્રેઇલર મળી આવેલ ન હોવાનું જણાવેલ છે. જેથી તેઓએ આ ડ્રાઇવર વિરુદ્ધ માલસામાન તેના ભરોસે અને વિશ્વાસે રિલાયન્સથી મુદ્રા સ્વાન કરેલ હોય તે નિયત સ્થળે નહીં પહોંચાડી તેમની સાથે વિશ્વાસઘાત કરેલ સંબંધની ફરીયાદ

(નરેન્દ્ર મોહનલાલ કડોલીયા)
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
લાલપુર.
CODE NO.GJ01115

કરેલી હોવાનું જણાવેલ છે. તેમને રેકોર્ડમાંથી ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવતા તેમાં ફરીયાદી તરીકેની સહી તેમની હોવાનું તથા તે આ કામે રજુ દાખલ આંક તરીકે નોંધાયેલ હોવાનું જણાવેલ છે. જે તે સમયે તેઓએ ફરીયાદમાં ડ્રાઇવરનું નામ લખાવેલ હોય તો હાલ તેમને યાદ નથી તેમ જણાવેલ છે. ઘણો સમય થઈ ગયેલ હોય તેઓ ડ્રાઇવરને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે. તેઓને તેમનું ટ્રેઈલર પરત મળી ગયેલ હોય તેમને આ કેસ આગળ ચલાવવો ન હોય તેમજ આ કેસમાં અન્ય કોઈ સાક્ષી પણ તપાસવા નથી તેમ જણાવેલ છે. આ કામે તેઓને પાછળથી કોઈ પણ આરોપીઓના નામ જાણવા મળેલ નથી તેમ જણાવેલ છે. તેઓ આ કેસમાં જુબાની દેવા માટે રૂબરૂ નામદાર કોર્ટમાં હાજર રહી શકે તેમ ન હોય તથા આ કેસમાં તેઓ ક્લોઝિંગ પર્સિસ રજુ કરે છે તેમ જણાવેલ છે.

સદર ફરીયાદી ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતાં ન હોય, ફરીયાદપક્ષે વિ.એપીપીશ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી કોર્ટની પરવાનગીથી વિગતવાર ઉલટતપાસ કરેલ છે. જેમાં તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમણે પોતાની પોલીસ રૂબરૂની ફરીયાદમાં ડ્રાઇવરનું નામ સંતોષ ચંદ્રવંશી લખાવેલ હતું. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આ કામના આરોપી સંતોષને તેઓ ઓળખતા હોય અને તેનું નામ ફરીયાદમાં લખાવેલ હોવા છતાં આજરોજ સોગંદ પર ખોટી જુબાની આપે છે.

## ૪. <u>આરોપીનુ સીઆર.પી.સી. કલમ-૩૧૩ મુજબનુ વિશેષ નિવેદન</u>

આ ગુનાના કામે આરોપીઓ સામે સી.આર.પી.સી.ની કલમ-૨૯૯ મુજબનો હુકમ કરવામાં આવેલ હોય આરોપીનું વિશેષ નિવેદન ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ અન્વયે નોંધવામાં આવેલ નથી.

(નરેન્દ્ર મોહનલાલ કડોલીયા)
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
લાલપુર.
CODE NO.GJ01115

**૫. <u>બચાવપક્ષે રજુ કરેલ પુરાવો</u>–**

બચાવપક્ષે હાલના કામે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.

**૬. <u>દલીલ</u>**

ફરીયાદપક્ષે વિધ્વાન એ. પી. પી. શ્રી એન.પી.જાની દલીલ કરેલ છે જેમાં તેઓએ એવી દલીલ કરેલ છે કે, આ કામે પુરાવો જોતા આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર થતો હોય અને ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર કરેલો હોય જેથી આરોપીને તકસીરવાન ઠરાવી મહત્તમ સજા કરવા અરજ ગુજારેલ છે.

સામાપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ દલીલો કરેલ છે જેમાં તેઓએ એવી દલીલો કરેલ છે કે, આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે તેવી દલીલો કરી આરોપીને નિર્દોષ ઠરાવવા અરજ ગુજારેલ છે.

**૭.** આ કામમાં મારા નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–મુદાઓ–</u>**

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તારીખઃ–૨૭/૦૮/૨૦૧૧ ના રોજ કલાક ૧૨:૦૦ થી જાહેર થયા સુધી નાસતા ફરતા આરોપી નં ૧ ફરીયાદીની ટ્રાન્સપોર્ટ કંપનીમા ડ્રાઈવર તરીકે નોકરી કરતો હોય અન્ય આરોપીઓ સાથે મળી ગુનાહીત કાવતરૂ રચી, આરોપી સંતોષ સીતા ચંદ્રવશી ફરીયાદીની કંપનીનુ ટેઈલર નં જીજે/૧૨/વી/૮૨૨૭ નુ ચલાવતા હોય તેઓએ રીલાયન્સ કંપનીમાથી ૧૬–ટન પી.પી. દાણા જેના ગ્રેડ નં એચ ૧૧૦ એમ એ તથા લોટ નં ઝેડ ૧૧૧૦૮૨૩ ના કીં.રૂા.

૧૦,૦૦,૦૦૦/- ના ભરી આ પી.પી. દાણા તથા ટેઇલર નં જીજે/૧૨/વી/૮૨૨૭ કીં. રૂા. ૨,૫૦,૦૦૦/- મળી કુલ રૂા. ૧૨,૫૦,૦૦૦/- નો માલસામાન તેના ભરોસે અને વિશ્વાસે મોટી ખાવડી રીલાયન્સ કંપનીથી મુદ્રા બંદરે જવા રવાના કરેલ તે નીયત સ્થળે નહીં પહોંચાડી, બારોબાર માળીયા લઈ જઈ, આરોપીઓએ કંટેઈનર તોડી તેમાથી પી.પી. દાણા કાઢી લઇ, બારોબાર સહ આરોપીઓને વેચી દઈ, વિશ્વાસઘાત કરી, ગુનો કરતા તપાસ દરમ્યાન પકડાઈ જઇ આઇ.પી.સી. ની કલમ-૪૦૭, ૧૨૦ (બી) મુજબનો ગુનો આચરેલ છે?

(૨) શું હુકમ ?

૮. ઉપરોકત મુદાઓ અંગે મારા નિર્ણયો હવે પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

**<u>-નિર્ણયો-</u>**

અ. નકારમાં

બ. આખરી હુકમ મુજબ.

**<u>-કારણો-</u>**

**૯. પુરાવાઓનુ મુલ્યાંકન -**

આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૪૦૭ તથા ૧૨૦(બી) મુજબના ગુનાઓનો આરોપ છે. કલમ-૪૦૭ નો ગુનો સાબિત કરવા માટે ફરીયાદપક્ષે એ પુરવાર કરવું જરૂરી છે કે, મુદ્દામાલ આરોપીઓને વાહક, ડ્રાઈવર અથવા એજન્ટ તરીકે વિશ્વાસે સોંપવામાં આવેલ હતો અને ત્યારબાદ તેમણે તે મુદ્દામાલનો બેઈમાનીપૂર્વક ગેરઉપયોગ કર્યો હતો અથવા તેનો ગેરકાયદેસર નિકાલ કર્યો હતો. તેવી જ રીતે, કલમ-૧૨૦(બી) હેઠળ કાવતરાનો ગુનો સાબિત કરવા માટે આરોપીઓ વચ્ચે ગેરકાયદેસર કૃત્ય કરવા માટે પૂર્વ સંમતિ અથવા માનસિક એકમતતા હોવી

જરૂરી છે. આ બંને ગુનાઓના આવશ્યક તત્ત્વો ફરીયાદપક્ષે વાજબી શંકાથી પર પુરવાર કરવા જરૂરી છે.

હાલના કામે ફરીયાદપક્ષે પંચ સાહેદ પુંજાભાઈ વરસીંગભાઈ રબારીને આંક–૨૪ ઉપર તપાસેલ છે. તેઓને તા.૦૩/૦૯/૨૦૧૧ના પંચનામા બાબતે પૂછવામાં આવતા તેમણે આંક–૨૫ ના પંચનામામાં પંચ નં.૨ તરીકે પોતાની સહી હોવાનું સ્વીકારેલ છે. પરંતુ તેમણે સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેમણે શા માટે સહી કરી હતી તે તેમને યાદ નથી અને તેમના રૂબરૂમાં કોઈ કાર્યવાહી થયેલ ન હતી. ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરી હોવા છતાં, તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે રિલાયન્સ કંપનીના પી.પી. દાણાના પ્લાન્ટ પાસેની જગ્યા ફરીયાદીએ બતાવેલ હતી અને તેનું વર્ણન પંચનામામાં લખાવેલ હતું. તેથી આ સાહેદની જુબાની તથા આંક–૨૫ નું પંચનામું આરોપીઓ સામે કોઈ મહત્વની હકીકત પુરવાર કરતુ નથી.

ત્યારબાદ ફરીયાદપક્ષે ફરીયાદી પંકજભાઈ પ્રવીણભાઈ ગઢવીને આંક–૨૬ ઉપર તપાસેલ છે. તેમની ફરીયાદ આંક–૨૭ તરીકે રજુ થયેલ છે. ફરીયાદીએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે વર્ષ ૨૦૧૧ માં તેઓ કિરણ રોડ લાઈન્સમાં મેનેજર તરીકે ફરજ બજાવતા હતા અને તેમની કંપનીનો રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સાથે પી.પી. દાણા પરિવહન કરવાનો કોન્ટ્રાક્ટ હતો. ૧૧–ગાડીઓનો ઓર્ડર મળતા અલગ અલગ ટ્રેઈલરો મોકલવામાં આવ્યા હતા, જેમાં ટ્રેઈલર નં. જી.જે.૧૨–વી–૮૨૨૭ પણ સામેલ હતું. તે ટ્રેઈલરમાં ૧૬–ટન પી.પી. દાણા, કિંમત રૂ.૧૦,૦૦,૦૦૦/– ભરેલ હતા અને ટ્રેઈલરની કિંમત રૂ.૨,૫૦,૦૦૦/– હોવાનું તેમણે જણાવેલ છે.

પરંતુ આ જ ફરીયાદીએ મહત્વની બાબતે ફરીયાદપક્ષને સમર્થન આપેલ નથી. તેમણે સ્પષ્ટપણે જણાવેલ છે કે ટ્રેઈલર નં. જી.જે.૧૨–વી–૮૨૨૭ કોણ ચલાવતું હતું તેની તેમને ખબર નથી. જો તે સમયે ફરીયાદમાં ડ્રાઈવરનું નામ લખાવેલ હોય તો હાલ તેમને યાદ નથી અને ઘણો સમય વીતી ગયેલ હોવાથી તેઓ ડ્રાઈવરને ઓળખી શકે તેમ નથી. તેમણે વધુમાં

જણાવેલ છે કે, આ કેસમાં પાછળથી પણ તેમને કોઈ આરોપીના નામ જાણવા મળેલ નથી. આથી હાલના આરોપીઓને મુદ્દામાલ કે ટ્રેઈલર વિશ્વાસે સોંપવામાં આવેલ હતું તે મૂળભૂત હકીકત સાબિત થતી નથી.

ફરીયાદીએ વધુમાં એ પણ જણાવેલ છે કે તેમનું ટ્રેઈલર પરત મળી ગયેલ છે અને હવે તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા નથી. તેઓ અન્ય કોઈ સાહેદ તપાસવા માંગતા નથી. આ બાબતને સમર્થન આપતું આંક-૨૮ તા. ૨૧/૦૪/૨૦૨૬ નું ક્લોઝિંગ પુરસીસ પણ રેકર્ડ ઉપર છે, જેમાં ફરીયાદીએ જણાવેલ છે કે, તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા નથી અને વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા નથી.

ફરીયાદી ફરીયાદપક્ષના કેસને સંપૂર્ણપણે સમર્થન આપતા ન હોવાથી વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસમાં પણ ફરીયાદીએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેમણે પોલીસ રૂબરૂની ફરીયાદમાં ડ્રાઈવરનું નામ સંતોષ ચંદ્રવંશી લખાવેલ હતું. તેમણે એ પણ ઈન્કાર કરેલ છે કે તેઓ આરોપી સંતોષને ઓળખે છે અને ખોટી જુબાની આપે છે. તેથી તેમની ઉલટતપાસમાંથી પણ આરોપીઓને ગુનામાં સાંકળે તેવી કોઈ વિશ્વસનીય હકીકત બહાર આવતી નથી.

ત્યારબાદ આંક-૨૭ ની ફરીયાદ માત્ર એટલું દર્શાવે છે કે, ટ્રેઈલર અને તેમાં ભરેલ માલસામાન નિયત સ્થળે ન પહોંચતા પોલીસમાં જાણ કરવામાં આવેલ હતી. પરંતુ ફરીયાદી પોતે જ આરોપીઓની ઓળખ, માલસામાનની સોંપણી, વિશ્વાસઘાત અથવા કાવતરાની હકીકતોને સમર્થન આપતા નથી. તેથી માત્ર ફરીયાદના આધારે આરોપીઓ સામેનો ગુનો સાબિત થયો હોવાનું માની શકાય નહીં.

હાલના કામે ફરીયાદપક્ષે અન્ય કોઈ એવો પુરાવો રજુ કરેલ નથી, જે આરોપીઓને મુદ્દામાલ સાથે સીધા કે પરોક્ષ રીતે જોડી શકે. રિલાયન્સ કંપનીનો કોઈ કર્મચારી, કિરણ રોડલાઈન્સનો કોઈ કર્મચારી, તપાસ અધિકારી, રિકવરી સાહેદ કે માલ વેચાણ સંબંધિત કોઈ સાહેદને તપાસવામાં

(નરેન્દ્ર મોહનલાલ કડોલીયા)
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
લાલપુર.
CODE NO.GJ01115

આવેલ નથી. ટ્રાન્સપોર્ટ ચલણ, લારી રસીદ, ગેટ–પાસ, વજન–પત્રક, કોલ ડીટેઇલ, ટ્રેઇલરની માલિકી સંબંધિત દસ્તાવેજ અથવા આરોપીઓને મુદ્દામાલ સાથે જોડતો કોઈ દસ્તાવેજી પુરાવો પણ કાયદેસર રીતે પુરવાર કરવામાં આવેલ નથી.

વધુમાં કલમ–૧૨૦(બી) મુજબ કાવતરાનો આરોપ પણ પુરાવાથી સમર્થિત થતો નથી. આરોપીઓ વચ્ચે અગાઉથી કોઈ સહમતિ હતી, અથવા ગુનો કરવા માટે કોઈ સામૂહિક યોજના હતી તેવો કોઈ વિશ્વસનીય પુરાવો રેકર્ડ ઉપર નથી. માત્ર શંકા કે અનુમાનના આધારે કાવતરાનો ગુનો સાબિત કરી શકાય નહીં.

બચાવપક્ષે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી, પરંતુ માત્ર તે કારણે ફરીયાદપક્ષનો કેસ સાબિત થયેલ હોય તે માનવા યોગ્ય નથી. ગુનાહિત કેસમાં આરોપી સામેનો ગુનો વાજબી શંકાથી પર સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર જ રહે છે.

આ સમગ્ર પુરાવા પરથી ફરીયાદપક્ષ વધુમાં વધુ એટલું જ બતાવી શકેલ છે કે ટ્રેઇલર નં. જી.જે.૧૨–વી–૮૨૨૭ તથા તેમાં ભરેલ પી.પી. દાણા નિયત સ્થળે સમયસર પહોંચ્યા ન હતા અને તે બાબતે ફરીયાદ નોંધાવવામાં આવી હતી. પરંતુ હાલના આરોપીઓને મુદ્દામાલ વિશ્વાસે સોંપવામાં આવેલ હતો, તેમણે તે મુદ્દામાલનો બેઇમાનીપૂર્વક ગેરઉપયોગ કર્યો હતો, અથવા તેઓએ પરસ્પર મળી કોઈ ગુનાહિત કાવતરું રચેલ હતું, તે બાબતો નિઃશંકપણે સાબિત થતી નથી.

આથી, ફરીયાદપક્ષ આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૭ તથા ૧૨૦(બી) મુજબના ગુનાઓ વાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. તેથી મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપવામાં આવે છે. મુદ્દા નં.૨ બાબતે આખરી હુકમ મુજબ નિર્ણય કરવામાં આવે છે.

(નરેન્દ્ર મોહનલાલ કડોલીયા)
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
લાલપુર.
CODE NO.GJ01115

**-//આખરી હુકમ//-**

(૧) આ કામના **આરોપી નં. (૧) નીગમભાઈ મહેન્દ્રભાઈ ઠાકર, આરોપી નં. (૨) સુભાષભાઈ હીરાલા પંચાલ, આરોપી નં. (૩) ભરત ઉર્ફે છોટીયો ઉર્ફે બુદરારામ સગતાજી પુરોહીત, આરોપી નં. (૪) દીવ્યરાજસિંહ ઉર્ફે લકકીરાજ નરેન્દ્રસિંહ રાઠોડ** નાઓને તેઓના વિરૂદ્ધના ઇ.પી.કો. કલમ-૪૦૭,૧૨૦(બી)મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાથી ક્રિ.પ્રો.કો.કલમ-૨૪૮(૧) તથા ૩૫૩(૬) અન્વયે નિર્દોષ છોડી મુકવાનો હુકમ ફરમાવું છું.

(૨) સદર કામે અગાઉના બે કેસો જેમા ફોજદારી કેસ નં. ૮૭૬/૨૦૧૨ તથા ફોજદારી કેસ નં. ૬૯૩/૨૦૧૪ અથવા હાલનો કેસ ફોજદારી કેસ નં. ૮૨/૨૦૧૩ માં મુદામાલ અંગે કોઇ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે અને જો આવો કોઇ હુકમ કરવામાં આવેલ ન હોય તો મુદામાલ પાવતી નં. ૩૮/૨૦૧૨ માં જણાવેલ મુદ્દામાલ વાહનનો અપીલ સમય વીત્યે તેના મુળ માલીકની ખરાઇ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ મુદામાલ પાવતી નં. ૩૫/૨૦૧૨ માં જણાવેલ મુદામાલ રોકડ રકમ અપીલ સમય વીત્યે ફરીયાદીને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા. ૧૨ મી, માહે-મે, સને-૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૨/૦૫/૨૦૨૬
સ્થળ લાલપુર

(નરેન્દ્ર મોહનલાલ કડોલીયા)
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
લાલપુર.
**CODE NO.GJ01115**

(નરેન્દ્ર મોહનલાલ કડોલીયા)
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
લાલપુર.
CODE NO.GJ01115